અપીલ અરજી નં.૬૦૭ તા.૬–૨–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી જેઠાલાલ મકનભાઈ ઝાલા
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી જેઠાલાલ મકનભાઈ ઝાલાની તા. ૨૬–૧૨–૧૧ની અરજીથી પાણી ખાતા તરફથી તા. ૫–૩–૦૫માં વર્ક ઓર્ડર નં.સા.ઝોન/૮૯૧૦થી કામની સોંપણી કરવામાં આવેલી. આ કામ મેં સમય મર્યાદામાં પૂર્ણ કરેલ છે. આ કામનું રનીંગ બીલ પણ મને મળી ગયેલ છે. આ કામનું જમા ઉધાર તથા ફાયનલ રીકવરી પણ આપેલ છે પરંતુ આ કામનું ફાયનલ બીલ માટે વારંવાર લેખીતમાં ઝોનલ સાહેબ ઉધનાને તા. ૨૪–૬–૦૯ તથા તા. ૨૫–૮–૦૯ના રોજ લેખીતમાં જાણ કરેલ પરંતુ કોઈ પણ કાર્યવાહી કરેલ નથી. ત્યારપછી તા. ૨–૭–૧૦ના રોજ કમિશ્નરશ્રી સુરતને લેખીતમાં ફાયનલ બીલ અંગે રજુઆત કરેલી છતાં પણ આ કામના ફાયનલ બીલ અંગે કોઈ કાર્યવાહી કરેલ નથી. ત્યાર પછી તા. ૨૫–૫–૧૧ના રોજ કનેકશનના બીલ અંગે પત્ર લખી જણાવેલ છતાં હજુ સુધી આ ફાયનલ બીલની કાર્યવાહી કયા કારણોસર નથી કરાઈ તેનો મને લેખીતમાં જવાબ આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૬–૨–૧૨ ની **SMC/FAP/** નં.૬૦૭/૨૦૧૧–૧૨

શ્રી જેઠાલાલ મકનભાઈ ઝાલાની તા. ૨૬–૧૨–૧૧ની અરજીથી પાણી ખાતા તરફથી તા. ૫–૩–૦૫માં વર્ક ઓર્ડર નં.સા.ઝોન/૮૯૧૦થી કામની સોંપણી કરવામાં આવેલી. આ કામ મેં સમય મર્યાદામાં પૂર્ણ કરેલ છે. આ કામનું રનીંગ બીલ પણ મને મળી ગયેલ છે. આ કામનું જમા ઉધાર તથા ફાયનલ રીકવરી પણ આપેલ છે પરંતુ આ કામનું ફાયનલ બીલ માટે વારંવાર લેખીતમાં ઝોનલ સાહેબ ઉધનાને તા. ૨૪–૬–૦૯ તથા તા. ૨૫–૮–૦૯ના રોજ લેખીતમાં જાણ કરેલ પરંતુ કોઈ પણ કાર્યવાહી કરેલ નથી. ત્યાર પછી તા. ૨–૭–૧૦ના રોજ કમિશ્નરશ્રી સુરતને લેખીતમાં ફાયનલ બીલ અંગે રજુઆત કરેલી છતાં પણ આ કામના ફાયનલ બીલ અંગે કોઈ કાર્યવાહી કરેલ નથી. ત્યાર પછી તા. ૨૫–૫–૧૧ના રોજ કનેકશનના બીલ અંગે પત્ર લખી જણાવેલ છતાં હજુ સુધી આ ફાયનલ બીલની કાર્યવાહી કયા કારણોસર નથી કરાઈ તેનો મને લેખીતમાં જવાબ આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૬–૨–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા /ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૭૫૭ તા.૧૪–૨–૧૨ થી** એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળે તો ત્યાર બાદ પણ નારજગી અંગે આધાર સહ તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કે અરજદાર તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૨૬–૧૨–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે અરજદારે ૩૦ દિવસની અંદર કોઈ નિર્ણય મળેલ ન હોવાનું જણાવી તા. ૬–૨–૧૨ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી

અધિકારી તરફથી કોઈ માહિતી પૂરી પડાયેલ જણાતી કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

અરજદારની પ્રથમ અપીલ તા. ૬–૨–૧૨ ધ્યાને લેતાં ૬–૩–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત તા. ૨૧–૦૩–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી માર્ચ ૨૦૧૨ દરમ્યાન ૧૭૬ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૬૭ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૬–૧૨–૧૧ થી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ ન હોય દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪–૧૨

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી જેઠાલાલ મકનભાઈ ઝાલા